# 12 અને 13 ઓગસ્ટે સેન્ટ્રલ અને વરાછા-એ ઝોનમાં પાણી કાપ

**વરાછા** ઝોનને પાણી પુરવઠો પૂરો પાડતી હયાત ડિસ્ટ્રીબ્યુશન લાઇનના લીકેજ રિપેરિંગની કામગીરી કરવામાં આવશે

સુરતઃ વરાછા મેઈન રોડ પર બરોડા પ્રીસ્ટેજ જંકશન પાસે આવેલી અને સેન્ટર તેમજ વરાછા ઝોનને પાણી પુરવઠો પૂરો પાડતી હયાત ડિસ્ટ્રીબ્યુશન લાઈનના લીકેજ રિપેરિંગની કામગીરી કરવામાં આવશે. આ રિપેરિંગ કામગીરી તા. 11/08/2026 મંગળવારે રાત્રે 11:00 કલાકથી શરૂ થઈને બીજા દિવસે એટલે કે તા. 12/08/2026 બુધવારે સાંજે 06:00 વાગ્યા સુધી ચાલશે. આ કારણોસર તા. 12/08/2026 બુધવારના રોજ સંબંધિત વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે, જ્યારે તા. 13/08/2026 ગુરુવારના રોજ ઓછા પ્રેશરથી, ઓછા જથ્થામાં અથવા નહીંવત માત્રામાં પાણી મળવાની શક્યતાઓ છે.

### સેન્ટ્રલ ઝોનના આ વિસ્તારમાં પાણી કામ

રાજમાર્ગથી દક્ષિણ તરફનો તમામ વિસ્તાર જેમાં બેગમપુરા, સલાબતપુરા, ગોપીપુરા, સગરામપુરા, નાનપુરા, રૂદરપુરા, સોની ફળીયા અને તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર તેમજ રેલ્વે સ્ટેશન અને સુમુલ ડેરી વિસ્તારમાં પાણી સદંતર બંધ રહેશે.

### વરાછા એ ઝોનના આ વિસ્તારમાં અસર

આ ઉપરાંત વરાછા માં રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી, અશ્વિનીકુમાર, ફુલપાડા, લંબે હનુમાન રોડ, ઉમરવાડા, નાના વરાછા, કરંજ, કાપોદ્રા તેમજ સીતારામ સોસાયટી, આઈમાતા રોડ અને તેની આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠો સદંતર બંધ રહેશે.

# ના નોટિસ, ના ઠપકો! કોર્પોરેટરોની મારામારીમાં સમાધાનનો 'ઝટકો'

**મોડી** રાત્રે ભાજપના સોશિયલ મીડિયા પેજ પર પ્રશાંત કોરાટની સાથે ચેરમેન મહેન્દ્ર દેસાઈ, કોર્પો. જયશ્રી વોરા અને તેના પતિ મનહરને દર્શાવી સુખદ નિરાકરણની જાહેરાત કરી દેવાઈ



સુરત : સુરત ભાજપમાં ધારાસભ્ય કાંતિ બલરની ઓફિસમાં મહિલા કોર્પોરેટર જયશ્રી વોરા, તેમના પતિ મનહર વોરા અને ટીપી કમિટીના ચેરમેન મહેન્દ્ર દેસાઈ વચ્ચે થયેલી કથિત હિંસક ઝપાઝપીના વિવાદમાં પ્રદેશ નેતાગીરીએ નોટિસ, ખુલાસો કે તપાસના રસ્તે જવાને બદલે સીધો 'સુખદ સમાધાન'નો રસ્તો પસંદ કર્યો છે.

વિવાદ પ્રદેશ સુધી પહોંચતા પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ સુરત દોડી આવ્યા હતા. દિવસભર બેઠકો અને બંધબારણે ચર્ચાઓનો દોર ચાલ્યો અને મોડી રાત્રે સુરત મહાનગર ભાજપના અધિકૃત સોશિયલ મીડિયા પેજ પર ચારેયને સાથે દર્શાવતી તસવીર સાથે વિવાદના 'સુખદ નિરાકરણ'ની જાહેરાત કરી દેવામાં આવી. સામાન્ય રીતે શિસ્તબદ્ધ સંગઠનમાં જવાબદાર વ્યક્તિઓ પાસેથી નોટિસ દ્વારા ખુલાસો માગવો, હકીકતની તપાસ કરવી અને પછી નિર્ણય લેવાની પ્રક્રિયા અપેક્ષિત હોય. આ વિવાદમાં મનહર વોરા દ્વારા મહેન્દ્ર દેસાઈ સામે ગેરકાયદે બાંધકામોની અરજીઓ અને કથિત તોડબાજી સહિતના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હોવાનો દાવો છે.

આવા આક્ષેપો સાચા છે કે પાયાવિહોણા–તે નક્કી કરવાનું કામ તપાસનું હતું. પરંતુ આક્ષેપોની સત્યતા ચકાસવા કોઈ તપાસની જાહેરાત નહીં અને કોઈ ખુલાસો પણ નહીં. પરિણામે હવે કાર્યકરો અને રાજકીય વર્તુળોમાં સવાલ ઊઠી રહ્યો છે કે ગંભીર આક્ષેપોનો નિકાલ પણ શું એક ગ્રુપ ફોટોથી થઈ શકે?

### સમાધાન સામે તીખી પ્રતિક્રિયા

સુરત ભાજપના સત્તાવાર સોશિયલ મીડિયા પેજ પર જ્યારે આ વિવાદમાં સમાધાન થયાની માહિતી પોસ્ટ કરવામાં આવી, ત્યારે કોમેન્ટ સેક્શનમાં લોકોની તીખી પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. અનેક યુઝર્સે સવાલ ઉઠાવ્યો હતો કે 'જાહેરમાં પક્ષની છબી ખરાબ કરનારાઓ સામે શિસ્તભંગના પગલાં કેમ ન લેવાયા?' જ્યારે કેટલાક લોકોએ પક્ષની શિસ્તબદ્ધ છબી સામે પણ પ્રશ્નો ખડા કર્યા હતા. હવે રાજકીય ક્ષેત્રે એ જોવાનું રહેશે કે પક્ષ આ મામલાને સમાધાન સાથે પૂર્ણ થયેલો ગણશે કે પછી આગળ જતાં કોઈ સત્તાવાર કાર્યવાહી કરીને શિસ્તનો સંદેશ આપશે.

# સતત બીજા દિવસે મનપાનો સપાટો, 658 કીલો અખાદ્ય ખોરાકનો નાશ

**સ્વાદરસિયા** સુરતીઓ કેવો નાસ્તો ઝાપટી રહ્યા છે ? તંત્ર પણ વાર તહેવારે ચેકીંગ કરી સંતોષ માને છે

### કયા કયા વિસ્તારોમાં ચેકીંગ કરાયું

સેન્ટ્રલ ઝોન (દાણાપીઠ, કમાલ ગલી, કાંસકીવાડ, રેલવે સ્ટેશન), વરાછા ઝોન-એ માં વરાછા વિસ્તાર, વરાછા-બી ઝોનમાં સરથાણા વિસ્તાર. રાંદેર ઝોનમાં (પાલ, પાલનપુર, જહાંગીરપુરા, અડાજણ પાટીયા, પાલનપુર પાટીયા), કતારગામ ઝોનમાં (અમરોલી ચાર રસ્તાથી ચારભુજા સર્કલ, ટોરેન્ટ પાવર રોડ, નંદુદોશીની વાડી, ઈશ્વર નગર રોડ), ઉધના ઝોન-એ (સેન્ટર પોઈન્ટથી યુનિક હોસ્પિટલ રોડ), ઉધના ઝોન-બી (સુડા સેક્ટર-2, 3 અને ગ્લોરીના વેલીથી કનકપુર વોર્ડ ઓફિસ રોડ), અઠવા ઝોનમા અઠવા વિસ્તાર, લિંબાયત ઝોનમાં મુખ્ય વેપારી તેમજ ખાણી-પીણીના વિસ્તારો

સુરત : રાત્રિ ખાણી-પીણીની દુકાનો અને રેસ્ટોરન્ટમાં હલકી ગુણવત્તાના ખાદ્ય પદાર્થોના થતાં વેચાણ સામેની ઝુંબેશમાં સતત બીજા દિવસે રાત્રિ દરમિયાન સુરત મનપાની નાઈટ સ્ક્વોડ દ્વારા વિવિધ વિસ્તારોમાં ચેકીંગ કરીને કુલ 282 કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવ્યો હતો. માત્ર 2 જ દિવસમાં 2,833 સંસ્થાઓનું ચેકિંગ કરીને 658.6 કિગ્રા અખાદ્ય ખોરાકનો નાશ કરાયો તથા 573.75 કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી, નિયમભંગ બદલ 1,525 ઈસમો સામે કાર્યવાહી કરી કુલ 13,61,250 નો દંડ વસૂલવામાં આવ્યો જે પૂરવાર કરે છે કે તંત્રની નિષ્ક્રિયતાના કારણે અત્યાર સુધી લોકોના સ્વાસ્થ્ય સાથે કેવો મોટો ખેલ ખેલાઈ રહ્યો હતો. દર વખતની જેમ મનપાએ નાગરિકો, વેપારીઓ અને સંચાલકોને સ્વચ્છતા જાળવવા, વાસી ખોરાક ન વેચવા, સિંગલ યુઝ પ્લાસ્ટિક બંધ કરવા તેમજ ઘરમાં જ કચરાનું 4 ભાગમાં વર્ગીકરણ કરી ડોર-ટુ-ડોર ગાડીને આપવા માટે કાગળ પર અપીલનો રાગ આલાપ્યો છે, પરંતુ સવાલ એ છે કે શું મનપાનું કામ માત્ર અપીલો કરવાનું અને દંડ વસૂલીને ખિસ્સા ભરવાનું જ છે કે પછી જનતાના આરોગ્યનું જોખમ બનતા આ અડ્ડાઓ પર કાયમી તાળાં વાગશે?

# 'ચા કરતાં કિટલી ગરમ', ખાડીપૂર સહાય મુદ્દે ભાજપમાં નવી 'ભાંજગડ'

**ભાજપના** કિસાન મોરચાના કારોબારી સભ્ય મનીષ નાયકનો સ્થાનિક નેતાઓ પર સીધો પ્રહાર

**હકદાર** પૂરગ્રસ્તોને સહાય નહીં મળે તો જનઆંદોલનની ચીમકી આપી



સુરત ભાજપમાં છેલ્લા ઘણા સમયથી નેતાઓ અને કોર્પોરેટરો વચ્ચે જાહેરમાં થઈ રહેલી ગાળાગાળી અને મારામારીને કારણે પક્ષનું 'કોંગ્રેસીકરણ' થઈ ચૂક્યું હોવાની ટીકા થઈ રહી છે. હજુ તો વોર્ડ નંબર 5ના નગરસેવકો વચ્ચેની મારામારીના વિવાદનો ધુમાડો ઓસર્યો નથી, ત્યાં હવે 'કેશડોલ્સ'ની વહેંચણીને લઈને ફરી અસંતોષ બહાર આવ્યો છે. સુરત શહેર કિસાન મોરચાના કારોબારી સભ્ય મનીષ નાયકે સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે સ્થાનિક નેતાઓ અને પદાધિકારીઓને આડેહાથ લેતાં લખ્યું કે, 'કેશડોલ્સમાં ચા કરતાં કીટલી વધુ ગરમ છે.' તેમના આ કટાક્ષે ભાજપની કહેવાતી શિસ્ત પર ફરી સવાલો ઊભા કર્યા છે.

નાયકે આક્ષેપ કર્યો કે ડીંડોલી વોર્ડ-27માં ધારાસભ્ય સંદીપ દેસાઈની મહેનતથી પૂરગ્રસ્ત સોસાયટીઓનો સર્વે થયો હોવા છતાં, સ્થાનિક નેતાઓના કથિત પક્ષપાતને કારણે મહાદેવનગર, શ્રદ્ધા, પ્રિયંકા-2, ખોડિયારનગર અને સંતોષીનગર સહિતના વિસ્તારોના કેટલાક હકદાર લાભાર્થીઓ કેશડોલ્સથી વંચિત રહ્યા છે.

જો બાકી રહેલા લાભાર્થીઓને તાત્કાલિક સહાય નહીં મળે, તો જનઆક્રોશ આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. પક્ષની અંદરની ફરિયાદ સોશિયલ મીડિયા સુધી પહોંચતાં ફરી એકવાર એ જ સવાલ ઊભો થયો છે: આ ભાજપની શિસ્ત છે કે માત્ર મૌન જાળવવાની પરંપરા?

# એકે રોડના મલ્ટિલેવલ પાર્કિંગમાં કોન્ટ્રાક્ટ પૂરો છતાં વસૂલાત ચાલુ!

**14 જૂને** ઇજારો પૂર્ણ થયો છતાં 31 જુલાઇ સુધી ચાર્જ ઉઘરાવાયો

સુરત : વરાછા ઝોન-એ વિસ્તારમાં આવેલા TP-4 અશ્વિનીકુમાર M3 મલ્ટિલેવલ પાર્કિંગમાં કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થઈ ગયા બાદ પણ પાર્કિંગ ચાર્જની વસૂલાત ચાલુ રાખવામાં આવી હોવાના આક્ષેપથી મનપા તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પાર્કિંગનો કોન્ટ્રાક્ટ 14 જૂન 2026ના રોજ પૂર્ણ થઈ ગયો હતો. તેમ છતાં 14 જૂનથી 31 જુલાઈ સુધી પાર્કિંગ ચાર્જ વસૂલાત ચાલુ રહી હતી. જો કોન્ટ્રાક્ટ ખરેખર પૂર્ણ થઈ ગયો હતો તો આ સમયગાળા દરમિયાન વસૂલવામાં આવેલા નાણાં કોના ખાતામાં ગયા અને મનપાના અધિકારીઓએ આ વસૂલાત રોકવા માટે શું કાર્યવાહી કરી તે સવાલ હવે ચર્ચાના કેન્દ્રમાં છે. આક્ષેપ વધુ ગંભીર એટલા માટે બન્યા છે કે આ અંગે 13 જુલાઈએ જ મનપાના ઉચ્ચ અધિકારીઓને લેખિત અને રૂબરૂ ફરિયાદ કરવામાં આવી હતી. તેમ છતાં વસૂલાત 31 જુલાઈ સુધી ચાલુ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. એટલે ફરિયાદ બાદ પણ કાર્યવાહી કેમ ન થઈ તે મુદ્દે તંત્રની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે. સુહાગીયાએ જવાબદાર ઈજારદાર સામે દંડરૂપે ડબલ ભાડું વસૂલવા ઉપરાંત તેની ડિપોઝિટ જપ્ત કરી બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે. સાથે જ સમગ્ર પ્રકરણની ઊંડી તપાસ કરી પ્રજાના પૈસા વસૂલવામાં અધિકારીઓની ભૂમિકા હતી કે નહીં તે પણ બહાર લાવવા માટે પૂર્વ કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ માંગ કરી છે.

## ખોડલધામ સુરતના ભાવિ પ્રકલ્પોને લઈ નરેશભાઈ પટેલે સામાજિક-ઔદ્યોગિક અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કર્યો



ખોડલધામના પ્રણેતા અને સ્વપ્નદ્રષ્ટા નરેશભાઈ પટેલે શુક્રવારે સુરત શહેરમાં વિવિધ ઝોનના ટ્રસ્ટીઓ સાથે નિર્માણાધીન ખોડલધામ સુરતને કેન્દ્રમાં રાખી શહેરના સામાજિક તેમજ ઔદ્યોગિક અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાતો યોજી હતી. આ મુલાકાત દરમિયાન સમાજની વર્તમાન અને ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ખોડલધામ સુરત ખાતે સમાજોપયોગી અને સમયાનુકૂળ નવા પ્રકલ્પોના વિકાસ અંગે વિસ્તૃત વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. નરેશભાઈ પટેલે અગ્રણીઓ સાથે સંવાદ સાધી સમાજને વધુ ઉપયોગી બની શકે તેવી સેવાકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ માટેના સૂચનો મેળવ્યા હતા. ખોડલધામ સુરતને સર્વાંગી વિકાસનું કેન્દ્ર બનાવવા માટે રચનાત્મક સૂચનો આપ્યા હતા. આ પ્રસંગે વિવિધ ઝોનના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતમાં 'આપ'નું ઈ-20 પેટ્રોલ મુદ્દે જાગૃતિ અભિયાન

સુરત : આખા દેશની અંદર ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા લોકોની ગાડીઓમાં ભરાતા પેટ્રોલમાં તેમની ઈચ્છા વિરુદ્ધ ઈથનોલ મિશ્રિત કરવામાં આવી રહ્યું છે. આ મુદ્દે લોકોને જાગૃત કરવા માટે આમ આદમી પાર્ટી દ્વારા દેશવ્યાપી જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગત 1 ઓગસ્ટના રોજ દિલ્હીના ટાઉન હોલમાં આ મુદ્દે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના અધ્યક્ષસ્થાને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તે જ પ્રકારનો કાર્યક્રમ હવે ગુજરાતમાં, સુરત શહેરમાં આગામી 9 ઓગસ્ટે સવારે 10 વાગ્યે યોજાશે. આ કાર્યક્રમ આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી, રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી અને ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ગુજરાત સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાની અધ્યક્ષતામાં યોજાશે.

## સુરતમાં 10 શાળા સહિત પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત થશે

સુરત : આવતીકાલે તા.8મીના રોજ ઉધના ખાતે કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલના હસ્તે મનપા દ્વારા તૈયાર કરાયેલા રૂપિયા 34.13 કરોડના કુલ 10 જેટલા શાળાના બાંધકામ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરાશે. આ કાર્યક્રમ દરમિયાન મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોનમાં તૈયાર કરવામાં આવેલી 9 નવી પ્રાથમિક શાળાઓનું લોકાર્પણ કરવામાં આવશે. જેમાં વિવિધ ઝોનમાં કુલ રૂપિયા 29.75 કરોડના ખર્ચે સાકાર થયેલા શાળાભવનોના લોકાર્પણ કરાશે. નવા સરથાણા ઝોનમાં રૂપિયા 4.38 કરોડના ખર્ચે આકાર પામનારી નવી પ્રાથમિક શાળાના બાંધકામનું ખાતમૂહૂર્ત પણ કરવામાં આવશે. આ શાળાભવનોથી શહેરના હજારો બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ અને આધુનિક સુવિધાઓ ધરાવતા ક્લાસરૂમનો લાભ મળશે.

**તાપી ભવન' પર સુમન મૈત્રી આવાસના રહીશોનો મોરચો**

# નાસીરનગરના વિસ્થાપિતોને અમારે ત્યાં આવાસ ફાળવો નહીં: રહીશો

**સુરત** મનપામાં 'સુમન મૈત્રી પ્રધાનમંત્રી આવાસ'ના રહીશો રજૂઆત કરવા પહોંચ્યા

સુરતઃ નાસીરનગર ઝૂંપડપટ્ટીના પીડિતોને જહાંગીરપુરાના સુમન મૈત્રી આવાસ ખાતે આવાસની ફાળવણી કરવાની પ્રક્રિયા સામે સ્થાનિક રહીશોમાં ભારે ચિંતા અને અસંતોષ વ્યાપી ગયો છે. શુક્રવારે રહીશો દ્વારા મનપા કચેરીએ મોરચો લાવીને રજૂઆત કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, સુરત મહાનગરપાલિકાના તંત્ર દ્વારા જહાંગીરપુરા સુમન મૈત્રી આવાસમાં ખાલી પડેલા આવાસો અંગે એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સરવેના આધારે ખાલી રહેલા મકાનો નાસીર નગરના રહીશોને ફાળવવાની હિલચાલ શરૂ કરવામાં આવી હોવાની જાણ થતાં જ સુમન મૈત્રી આવાસના લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. સર્વે હાથ ધરાયા બાદ તુરંત જ સ્થાનિકોએ એકઠા થઈને તંત્રની આ નીતિ સામે મોરચો માંડ્યો હતો અને વિરોધ પ્રદર્શન કરીને પોતાની માગણીઓ રજૂ કરી હતી. હાલ તેમના આવાસમાં ભિન્ન-ભિન્ન જાતિ, સમાજ અને ધર્મના લોકો સમપ્રમાણમાં અને શાંતિપૂર્ણ રીતે પરિવારની જેમ રહે છે. પરંતુ એક જ ચોક્કસ સમુદાયના લોકોની સંખ્યા અહીં વધી જવાથી ભવિષ્યમાં સામાજિક સામંજસ્ય વિખેરાશે અને સામાજિક તણાવની ગંભીર પરિસ્થિતિઓ ઊભી થશે. તેમજ જહાંગીરપુરામાં વેઈટીંગ લીસ્ટવાળાને પ્રાથમિકતા આપવામાં આવે તેવી માંગ ત્યાના રહીશો કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં ડિમોલિશન બાદ અસરગ્રસ્તોના પુનર્વસન સામે સ્થાનિક આવાસના રહીશો દ્વારા વિરોધ નોંધાવાયો હોય તેવી આ પ્રથમ ઘટના નથી. આ પૂર્વે ગોતાલાવાડી વિસ્તારના ડિમોલિશન બાદ તેના અસરગ્રસ્તોને અન્યત્ર આવાસમાં જગ્યા આપવા બાબતે પણ રહીશો દ્વારા વિરોધ કરાયો હતો. ગોતાલાવાડી વિવાદ બાદ હવે જહાંગીરપુરાના સુમન મૈત્રી આવાસ ખાતે પણ નાસીરનગરના પીડિતોની ફાળવણી સામે રહીશો રોષે ભરાઈને મનપા મોરચો લઈને પહોંચતા આવાસ ફાળવણીનો મુદ્દો ફરી એકવાર ગરમાયો છે.

**વેસુમાં શરાફ પરિવારે રજુ કરેલા ચાર ક્લેઈમ ફગાવાયા**

# એક જ કુટુંબના સભ્યોનો ઈજાનો પ્રકાર અને હોસ્પિટલ એક જ

**છેતરપિંડી** કરવાના ઈરાદે એક જ પ્રકારની મોડ્સ ઓપરેન્ડી અપનાવી ખોટા ક્લેઈમ કરનારાને ગ્રાહક કોર્ટની લપડાક

સુરતઃ એક જ કુટુંબના ત્રણ સભ્ય, ઈજા પણ એક જ પ્રકારની અને હોસ્પિટલ પણ એક જ, વીમા કંપની સામે સુરત ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ ચાર ક્લેમ સહિતનાં વળતરના દાવાની ફરિયાદ કરનારાની ફરિયાદ ફગાવી દેવાઈ હતી.

વેસુ રાજહંસ સીન્ફોનીયામા રહેતા ભરત શરાફે તા. ૧૧-૬-૨૩ રોડ અકસ્માતમાં શરીરમાં દુઃખાવો થતાં ગ્રીન સીફ હોસ્પિ.માં સારવારનો રૂપિયા ૧૪,૨૮૫૭નો ક્લેઈમ, તા ૨૬-૪-૨૨ સવિતા શરાફનો પગ સ્લીપ થતા કરોડરજ્જુમાં ઈજા થતાં ગ્રીન સીફ હોસ્પિટલમાં સારવારનો ૧૩.૧૪ લાખનો ક્લેઈમ અને રાજીવ રંજન શરાફે તા. ૨૭-૭-૨૨ના રોજ રોડ અકસ્માતમાં કરોડરજ્જુમાં ફેક્ચરની સારવારનો 19 સાથનો ક્લેઈમ તેમજ તા. ૧૫-૬-૨૨ ઘરમાં પગ સ્લીપ થતાં ઘૂંટણમાં ઈજાની સારવારનો રૂપિયા ૨.૨૮ લાખનો ક્લેઈમ કર્યો હતો. એક પરિવારના સભ્યો દ્વારા છેતરપિંડી કરવાના ઈરાદે એક જ વર્ષમાં એક પ્રકારની મોડ્સ ઓપરેન્ડી અપનાવી ખોટા ક્લેઈમ કર્યો હોવાની શંકાથી વીમા કંપનીએ તપાસ કરતાં હોસ્પિ.એ સહકાર આપ્યો નહોતો. એ ડોકટરના બદલે હોસ્પિ.ના વહીવટદાર દ્વારા સારવારનું સોગંદનામું રજૂ કરાયું હતું. જેથી ક્લેઈમ નામંજૂર કરતાં ગ્રાહક કોર્ટે પણ અપીલમાં વીમા કંપનીની રજૂઆત ગ્રાહ્ય રાખી ફરિયાદો રદ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સિંધુ સેવા સમિતિ શાળાના વિદ્યાર્થીઓએ રમતગમતમાં વિજય મેળવ્યો



સિંધુ સેવા સમિતિ શાળાના રોહિત સહાનીએ શિતો-ર્યુ સ્પોર્ટ્સ કરાટે જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે અંડર/૧૯ છોકરાઓએ કબડ્ડીમાં દ્વિતીય સ્થાન મેળવ્યું. અંડર/૧૯ માટે સાગર ટમ્યા અને પુનિશ આઉજી અને અંડર/૧૭ માટે ભગીરથ રાવલની પસંદગી જિલ્લા કક્ષાએ થઈ છે. આ સિદ્ધિ બદલ આચાર્ય માલ્કમ પટેલ, ચેરમેન વાસુદેવ ગોપલાણી, ટ્રસ્ટીઓ અને પીઈ કોચ શ્રીમતી ઈશાની પટેલે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

### મૈસૂર ખાતેની એક્રોબેટિક્સ જિમ્નાસ્ટિક ચેમ્પિયનશીપમાં સુરતના વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ

સુરતઃ કર્ણાટકમાં મૈસૂર ખાતે યોજાયેલા એક્રોબેટિક્સ જિમ્નાસ્ટીક ચેમ્પિયન શીપ-2026-27માં પ્રિ યુથ કેટેગરીમાં સુરતના ઋષિરાજ નીરવ પટેલ અને વિશ્વા તરુણ પટેલે ઉત્તમ પ્રદર્શન કરી રજત પદક પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત અને સુરતનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. તેમના આ વિજયી પ્રદર્શનમાં તેમના કોચ વિશાલ રાણા અને વિરલ પટેલનો સિંહફાળો રહ્યો છે.

### જીવનભારતી બાળભવનમાં વર્ષાઋતુનો પ્રોજેક્ટ યોજાયો



સુરતઃ મો. વ બુનકી જીવનભારતી બાળભવનમાં તા.5મી ઓગસ્ટના રોજ વર્ષાઋતુના પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ચોમાસામાં થતા ફળો-શાકભાજી તેમજ ખેતરમાં થતા અનાજની વાવણીથી માંડીને ઋતુઓ વિશે માહિતી આપવામાં આવી હતી. પ્રોજેક્ટમાં શિક્ષકો દ્વારા બાળકો ને વરસાદની પ્રક્રિયા અને વર્ષાઋતુના ખાદ્ય પ્રદાર્થ, પહેરવેશ, ફળો ,શાકભાજી વિશે સમજ આપવામાં આવી હતી. તેમજ ફળ શાકભાજી અને કંદમૂળના રંગ-સ્વાદ અને તેમાંથી બનતી વિવિધ વાનગીઓનો પ્રત્યક્ષ ખ્યાલ આપ્યો હતો તેમજ ફળ શાકભાજી અને કંદમૂળ ક્યાં થાય છે તેની સમજ આપી હતી. અને ખેતરોના વિવિધ સાધનોની સમજૂતી શિક્ષક દ્વારા આપવામાં આવી હતી. વિદ્યાર્થી સપ્તરંગી કપડાઓ પહેરીને મેઘધનુષ બનીને આવ્યા હતા.

### સુરતમાં આગામી રવિવારે 'જૂઈ - મેળો' કવયિત્રી સંમેલન યોજાશે

સુરતઃ વિશ્વભારતી સંસ્થાન, અમદાવાદ તથા સ્વજન અને SBV મંચ સુરત દ્વારા શ્રીમતી પન્નાબહેન રસિકભાઈ હેમાણીની સૌજન્ય સહાયથી 'જૂઈ મેળો' કવયિત્રી સંમેલનનું આયોજન તા.9મી ઓગસ્ટના રોજ બપોરે 4 કલાકે સંસ્કાર ભારતી સ્કૂલના ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું છે. જેમાં કવયિત્રી ઉષા ઉપાધ્યાય, એષા દાદાવાલા, પ્રજ્ઞા વશી, યામિની વ્યાસ, ગોપાલી બુચ, ભાર્ગવી પંડ્યા, પ્રીતિ પુજારા, દિવ્યા મોદી, માર્ગી દોશી અને નીરજા પારેખ પોતાની કવિતાઓ રજૂ કરશે. પ્રવેશ નિ:શુલ્ક રહેશે.

### પંચમ્ ગ્રુપ દ્વારા રફી અને લતાના ફિલ્મી ગીતોની સ્પર્ધા રવિવારે યોજાશે

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા પાર્શ્વગાયક રફી અને લતાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૯મી ઓગસ્ટના બપોરે ૪થી૮ રાષ્ટ્રીય કલા કેન્દ્ર, ઉગમણો મહોલ્લા, ચૌટા બજાર, સાંઈ બાબા મંદિર પાસે, સુરત ખાતે રાખવામાં આવ્યો છે આ કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસિકોને કાર્યક્રમો માણવા આમંત્રણ અપાયું છે.

### જ્યાં મારાપણું લાગતું નથી ત્યાં માણસ હંમેશા વેઠ ઉતારતો હોય છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડી: શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં તપ, ત્યાગ, જિનવાણી અને યુવા-યુવતિ શિબીરો તથા શિશુ શિબિરોનો અપૂર્વ માહોલ જામ્યો છે. પાંચ મહિનાના સંયમ પર્યાયવાળા પૂ. સાધ્વી વિનયશ્રીરેખાશ્રીજી મ.ને 24મો ઉપવાસ સમતા અને સ્વાધ્યાય સાથે ચાલી રહ્યો છે. "તપસ્વીનો જયજયકાર, તપધર્મનો જયજયકાર" નાં જયઘોષ સાથે આચાર્યએ વાસક્ષેપ દ્વારા આશીર્વાદ પાઠવ્યા ત્યારે શ્રી સંઘ ઝૂમી ઊઠ્યો હતો. સાધ્વીજી ભગવંત મૃત્યુંજય તપ કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છે. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભામાં જણાવ્યું હતું કે, જેને પ્રભુ પ્યારા અને મારા લાગા તેને પ્રભુની એક એક આજ્ઞાઓ વહાલી લાગતી હોય છે. 'મારા પ્રભુએ આમ કહ્યું છે' એવી શ્રદ્ધાપૂર્વક તે કોઇ પણ આરાધનામાં સદા મસ્ત હોય છે. જ્યાં મારાપણું લાગતું નથી ત્યાં માણસ હંમેશા વેઠ ઉતારતો હોય છે. ભાડાનું ઘર અને ખુદનું ઘર એ બંને વચ્ચે ઘણો મોટો ફરક છે.

### VNSGUના અધ્યાપકોની AI આધારિત પેટન્ટ અરજીનું સત્તાવાર પ્રકાશન




સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડો. ભાવેશ વણપરિયા, ડો. શ્રીધર નિમાવત અને ડો. જિતેન્દ્રસિંહ પરમાર દ્વારા વિકસાવવામાં આવેલી AI-Based Interview and Skill Assessment Booth" ડિઝાઇન પેટન્ટ અરજીનું ભારતીય પેટન્ટ કાર્યાલય દ્વારા Publication Number: 466328-001 હેઠળ સત્તાવાર પ્રકાશન કરવામાં આવ્યું છે. આ AI આધારિત સિસ્ટમ ઇન્ટરવ્યૂ પ્રક્રિયા અને ઉમેદવારોના કૌશલ્યનું સ્વચાલિત, નિષ્પક્ષ અને પારદર્શક મૂલ્યાંકન કરી શકે છે. તેમાં AI, Machine Learning, NLP, Computer Vision અને Speech Analytics જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ટેક્નોલોજીનો ઉપયોગ શૈક્ષણિક સંસ્થાઓ, કોર્પોરેટ ક્ષેત્ર અને ભરતી સંસ્થાઓમાં થઈ શકે તેવી સંભાવના છે. આ સિદ્ધિ બદલ કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડો. આર.સી. ગઢવીએ સંશોધકોને અભિનંદન પાઠવી, તેને યુનિવર્સિટીમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપતી મહત્વપૂર્ણ ઉપલબ્ધિ ગણાવી હતી.